## પાંડેસરામાં લગ્નના છ મહિનામાં યુવકનો આપઘાત

સુરતઃ મૂળ રાજસ્થાન રાજસમંદના વતની ભવરસિંહ ટીકમસિંહ રાવત (ઉં.વ.18) હાલમાં પાંડેસરા બુડિયા ચોકડી પાસે આવેલ રુદ્રાશ રેસિડેન્સીમાં રહેતો હતો. તે રસોયા તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. છ મહિના પહેલા ભવરસિંહે પ્રેમલગ્ન કર્યાં હતાં. અવારનવાર પત્ની સાથે ઝઘડા થતાં ભવરસિંહે મંગળવારે બપોરે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો.

## પુણાગામ હત્યા કેસના આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના કેસમાં હાઈકોર્ટે આરોપી વિક્કીકુમાર યાદવનાં જામીન મંજૂર કર્યા છે. રૂપિયાની લેતીદેતીના ઝઘડામાં પથ્થર મારી હત્યા કરવા બદલ આરોપી સામે ગુનો નોંધાયો હતો. હાઈકોર્ટે એડ્વોકેટ રિધ્ધિશ મોદી અને મુકુંદ રામાણીની દલીલો ગ્રાહ્ય રાખીને આ જામીન આપ્યાં હતાં.

## 352 કિલો ગાંજા કેસમાં બે આરોપીને 10 વર્ષની કેદ

સુરતઃ કામરેજ ટોલનાકા પાસે ટ્રકમાંથી જપ્ત કરાયેલા 352.520 કિલોગ્રામ ગાંજાના કેસમાં બે આરોપીને એનડીપીએસ કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં વચગાળાના જામીન પર છુટી ભાગી જનાર રાજવીર શંકરલાલ કુમાવત સામે અલગથી ફરિયાદ નોંધીને આગળની ન્યાયિક કાર્યવાહી ચલાવવાનો હુકમ કર્યો હતો. તા. 17 જૂન, 2022ના રોજ કામરેજ ટોલ પ્લાઝા નજીક ટ્રક (નં. UP 79 T 0092)માંથી કુલ 352.520 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ મામલે ટ્રક ચાલક વિમલેશકુમાર ઉર્ફે બબલુ યાદવ, દીપક નાયક અને પાછળથી પકડાયેલા રાજવીર શંકરલાલ કુમાવત સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી સંતોષ ગોહિલ હાજર રહ્યાં હતાં. બન્ને પક્ષકારોની રજૂઆત તથા પુરાવાનું મૂલ્યાંકન કર્યા બાદ એનડીપીએસ કોર્ટે આરોપી વિમલેશકુમાર યાદવ અને દીપક નાયકને દોષિત જાહેર કરી ૧૦ વર્ષની કેદની સજા અને દરેક આરોપીને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો હતો.

## ગોડાદરામાં છ મહિનાથી બેકાર રત્નકલાકારે આપઘાત કર્યો

સુરતઃ ગોડાદરામાં છ મહિનાથી બેકાર બેસેલા રત્નકલાકારે આર્થિક સંકડામણમાં ઝેર પીને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની ભુપતભાઈ નાજાભાઇ મોર (ઉં.વ.55) હાલમાં ગોડાદરા વિસ્તારમાં આવેલ રૂપસાગર રો-હાઉસમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ છેલ્લા છએક મહિનાથી હીરા ઉદ્યોગમાં મંદી હોવાથી તેમની નોકરી છૂટી ગઈ હતી. યોગ્ય નોકરી નહીં મળતા આર્થિક સ્થિતિ બગડતા તણાવમાં આવીને ભુપતભાઈએ સોમવારે સાંજે સરથાણા કેનાલ રોડ પર ઝેર પી લીધું હતું. ઝેર પીધા બાદ ભુપતભાઈએ તેમના નાનાભાઈને ફોન કરીને પોતે ઝેર પી લીધું હોવાની જાણ કરી હતી. જેથી તેમનો ભાઈ બનાવ સ્થળે દોડી આવીને ભુપતભાઈને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે ભુપતભાઈનું મોત થયું હતું. બનાવને પગલે સરથાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## 45 ફૂટ ઊંચા તાડના ઝાડ પર મોર ફસાયો, 3 કલાક બાદ બચાવ



ઓલપાડના ભાંડુત ગામમાં આશરે 45 ફૂટ ઊંચા તાડના ઝાડ પર એક મોરના પાછળના પીંછા ફસાઈ જતાં તે ઉડી શક્યો નહોતો અને લાંબા સમય સુધી ઝાડ પર લટકતો રહ્યો હતો. ઘટના અંગે જાણ થતાં ગામલોકોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની ગંભીરતા જોતા ગ્રીન ગાર્ડિયન ચેરિટેબલ ટ્રસ્ટ, વન વિભાગ અને જહાંગીરપુરા ફાયર સ્ટેશનની ટીમ દોડી આવી હતી. 35 ફૂટ ઊંચાઈ ધરાવતી લેડર સાથે ટીમે ધીરજ અને કુશળતા સાથે કામગીરી કરી મોરને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો હતો. લગભગ ત્રણ કલાક સુધી લટકતો રહેવાને કારણે મોર અશક્ત અને બેભાન જેવી સ્થિતિમાં પહોંચી ગયો હતો. બાદમાં મોરને સારવાર અને નિરીક્ષણ માટે બર્ડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વેડ રોડની ધ્રુવતારક સોસાયટીમાં 7.91 લાખનો દારૂ ઝડપાયો

સુરતઃ ચોક પોલીસ ઊંઘતી રહી અને વિજિલન્સની ટીમે બાતમી મળતા વેડ રોડની ધ્રુવતારક સોસાયટીમાં દર્દ પાડી 7.91 લાખનો વિદેશ દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટના સ્થળેથી ૧૦,૦૦,૦૦ની કિંમતની એક મહિન્દ્રા XUV500 કાર સહિત કુલ રૂ.૧૮,૩૨,૬૦૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસ દરોડામાં ભરત છગનભાઈ મેવાડા (રહે.,શિવરંજન એપાર્ટમેન્ટ, વેડ રોડ), વિજય અર્જણભાઈ પરમાર (રહે.,શિવરંજન એપાર્ટમેન્ટ, વેડ રોડ, કતારગામ) અને મદારામ જોગારામ પુરોહિત (રહે.,નરસણા, તા. બાગોર, જિ.ઝાલોર, રાજસ્થા ન)ને દારૂ કાર્ટિંગ કરતા ઝડપી પાડ્યા હતા.

દરોડા દરમિયાન દારૂનો જથ્થો સપ્લાય કરનાર સોનુ, સેલવાસથી દારૂ મોકલનાર અજાણ્યો સપ્લાયર, એસયુવી કારનો ડ્રાઈવર શિવમ તેમજ કારના મૂળ માલિકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

**ગોડાદરાની ઘટનાએ માતા-પિતાને વિચારતા કર્યા**

# 12 વર્ષીય બાળકનો આપઘાત ટીવીના દશ્યની નકલની આશંકા

**મોડી** રાત્રે બારીની ગ્રીલ સાથે ફાંસો ખાધો, આખો દિવસ ટીવી જોવાની ટેવ ધરાવતા બાળકના મોત પાછળનું કારણ શોધવામાં પોલીસની તપાસ

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં 12 વર્ષીય કિશોરના કરુણ મોતની ઘટનાએ માત્ર એક પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને વિચારતા કરી દીધો છે. પ્રાથમિક તપાસમાં પોલીસને એવી આશંકા છે કે બાળકે ટીવીમાં જોયેલા કોઈ દશ્યની નકલ કરવાનો પ્રયાસ કર્યો હોઈ શકે છે. જોકે, ઘટનાનું સાચું કારણ હજુ તપાસ હેઠળ છે.

મૂળ મહારાષ્ટ્રના અને હાલ ગોડાદરાની વીર દર્શન સોસાયટીમાં રહેતો 12 વર્ષ 8 મહિનાનો દિવ્યેશ અજય સિસોદયા ધોરણ-6માં અભ્યાસ કરતો હતો. બે વર્ષ પહેલાં માતા-પિતાના છૂટાછેડા થયા બાદ તે પોતાની માતા અને નાની સાથે રહેતો હતો. પરિવાર કામ અર્તે બહાર જતો હોય દિવ્યેશ લાંબા સમય સુધી ઘરે એકલો રહેતો હતો. પોલીસના જણાવ્યા મુજબ, તે ઘણી વખત શાળાએ જવાના બદલે આખો દિવસ ટીવી જોતો હતો. ઘટનાની રાત્રે પરિવારજનો સૂઈ ગયા બાદ દિવ્યેશ મોડીરાત સુધી ટીવી જોતો રહ્યો હતો. ત્યારબાદ તેણે ટીવી બંધ કરીને ઘરની બારીની ગ્રીલ સાથે સાડીનો ટુકડો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

### માતા-પિતા માટે ચેતવણીરૂપ ઘટના

આજના સમયમાં અનેક ટીવી સિરિયલો, ફિલ્મો અને સોશિયલ મીડિયા પર એવા દૃશ્યો જોવા મળે છે, જેને બાળકો વાસ્તવિકતા અને કલ્પના વચ્ચેનો તફાવત સમજી શકતા નથી. નાની ઉંમરમાં તેઓ ઘણી વખત મનગમતા પાત્રોની નકલ કરવાનો પ્રયાસ કરે છે, જેના પરિણામે અકસ્માતો અથવા ગંભીર ઘટનાઓ બની શકે છે.

### બાળ મનોવિજ્ઞાનીઓ શું કહે છે?

બાળ મનોવિજ્ઞાનીઓનું માનવું છે કે લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેતા બાળકોના વર્તન, વિચારસરણી અને નિર્ણય લેવાની ક્ષમતા પર અસર પડી શકે છે. તેથી માતા-પિતાએ બાળકો સાથે નિયમિત વાતચીત કરવી, તેઓ શું જોઈ રહ્યા છે તે અંગે જાણ રાખવી અને ઉંમરને અનુરૂપ કન્ટેન્ટ જ જોવા દેવું જરૂરી છે.

# સિટી બસની સ્કૂલ બસને ટક્કર વિદ્યાર્થીઓની ચીસાચીસ મચી

**સિંગણપોરમાં** ધડાકાભેર થયેલી અથડામણમાં બે વિદ્યાર્થીને ઈજા

સુરતઃ સિંગણપોર વિસ્તારમાં બુધવારે સિલ્વર સ્ટોન આર્કેડ નજીક પૂરપાટ ઝડપે દોડી રહેલી સિટી બસે આગળ જઈ રહેલી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલની બસને પાછળથી ધડાકાભેર ટક્કર મારતા વિદ્યાર્થીઓમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, બુધવારે સાંજે સિંગણપોર રોડ પરથી પસાર થઈ રહેલી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલની બસની પાછળ આવી રહેલી સિટી બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ સીધી સ્કૂલ બસના પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. અકસ્માતનો ધડાકો એટલો જોરદાર હતો કે સ્કૂલ બસમાં બેઠેલા વિદ્યાર્થીઓ ડરના માર્યા બૂમાબૂમ કરવા લાગ્યા હતા અને સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતમાં સ્કૂલ બસમાં સવાર બે વિદ્યાર્થીને સામાન્ય ઈજાઓ પહોંચતાં તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર બાદ તેઓને રજા આપી દેવામાં આવી હતી. અકસ્માતને પગલે સ્કૂલના સંચાલકો અને વિદ્યાર્થીઓના પરિવારજનો સ્થળે દોડી આવ્યા હતા. જ્યાં સ્કૂલના સંચાલકો અને સિટી બસચાલક વચ્ચે સમાધાન થઈ જતાં સંચાલકોએ પોલીસ ફરિયાદ આપી ન હતી. જેથી પોલીસે જાણવાજોગ નોંધી હતી.

# ટેક્સના બહાને સીએ પિતા-પુત્રએ વેપારીનું 98 લાખનું કરી નાંખ્યું

**માત્ર** નાણાં જ ગપચાવ્યા નહીં પરંતુ ઉપરથી ટેક્સ ભર્યાના બોગસ દસ્તાવેજો પણ બનાવ્યા

**સીએ** રણવીર સિંહ અને પુત્ર નીરજ સિંહ સામે રૂંગટા રેયોન ફર્મના માલિકની ઠગાઈની ફરિયાદ

સુરતઃ કાપડના હબ ગણાતા સુરત શહેરમાંથી વધુ એકવાર કરોડો રૂપિયાની નાણાકીય છેતરપિંડીનો સનસનાટીપૂર્ણ કિસ્સો સામે આવ્યો છે. આ વખતે વેપારીઓના નાણાકીય હિસાબોની સુરક્ષા કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ લૂંટારા બન્યા હોવાની ચોંકાવનારી ઘટના બની છે.

સિટીલાઈટમાં આશીર્વાદ પાર્ક ખાતે રહેતા સંજયકુમાર જુગલકિશોર શર્મા (ઉ.વ.૫૧) રિંગરોડ પર આવેલી એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગમાં 'રૂંગટા રેયોન ફર્મ' નામે ઓફિસ ધરાવે છે અને ટેક્સટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સંજયકુમારે પોતાની પેઢીના ટેક્સ અને ઓડિટ સંબંધિત તમામ કામકાજ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રણવીર એમ. સિંહ અને તેના પુત્ર નીરજ રણવીર સિંહની નિમણૂક કરી હતી. વર્ષ ૨૦૧૪થી લઈને ગત તા.૦૪/૦૫/૨૦૨૪ સુધીના લાંબા સમયગાળા દરમિયાન આ પિતા-પુત્રની જોડીએ દર વર્ષે સરકારમાં નિયમ મુજબ જીએસટી અને વેટ ટેક્સ ભરવાનો હોવાનું કહી વેપારી સંજયકુમાર પાસેથી મોટી રકમના ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા પોતાના બેંક ખાતામાં નાણાં જમા કરાવી લીધા હતા.વેપારી સંજયકુમારને કોઈ શંકા ન જાય તે માટે બંને આરોપીઓએ વેટ અને જીએસટી વિભાગના બનાવટી પાવતી અને ટેક્સ રિટર્નની નકલો તૈયાર કરી હતી, જેના પર પોતાની સહીઓ કરીને ઓફિશિયલ દસ્તાવેજ તરીકે વેપારીને પધરાવી દીધા હતા. તાજેતરમાં ટેક્સ વિભાગની આંતરિક તપાસ અને નોટિસના આધારે સંજયકુમારને ખબર પડી હતી કે તેમની સાથે રૂ. ૯૮ લાખની ભયાનક છેતરપિંડી થઈ છે. જેથી તેમણે સલાબતપુરા પોલીસમાં બંને સીએ પિતા-પુત્ર વિરૂદ્ધ ગનો નોંધાવ્યો હતો.

# રૂમ લોક થઈ જતાં દોઢ વર્ષની બાળકી ફસાઈ

**મોટા** વરાછાની સ્નેહસાગર સોસાયટીની ઘટના, બાળકીના રડવાના અવાજથી પરિવાર ગભરાયો



સુરતઃ મોટા વરાછા અબ્રામા રોડ સ્થિત સ્નેહસાગર સોસાયટી વિભાગ-1માં બુધવારે એક દોઢ વર્ષની બાળકી રૂમમાં ફસાઈ જતાં પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બાળકીનો સુરક્ષિત બચાવ કર્યો હતો.

અજયભાઈ વાનાણીની દોઢ વર્ષની પુત્રી આજ્ઞા રમતા-રમતા ઘરના એક રૂમમાં પહોંચી ગઈ હતી. દરમિયાન રૂમનો ઓટોમેટિક લોકવાળો દરવાજો અંદરથી બંધ થઈ જતાં બાળકી અંદર જ ફસાઈ ગઈ હતી. દરવાજો નહીં ખુલતા પરીજનોએ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ઓફિસર સિદ્ધાર્થ ગઢવી સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ટીમે જરૂરી સાધનોની મદદથી લોક થયેલો દરવાજો ખોલવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ બાળકી આજ્ઞાને સલામત રીતે બહાર કાઢી તેનાં માતા-પિતાને સોંપવામાં આવી હતી. બાળકીનો આબાદ બચાવ થતાં પરીજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# હજીરા કાંઠાની કંપનીઓમાં અન્ય રાજ્યોના વાહનો સામે કાર્યવાહી કરો

**કલેક્ટર**, આરટીઓ, પોલીસને રજૂઆત, 15 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો આંદોલન

સુરતઃ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા કાંઠા વિસ્તારમાં આવેલી વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓમાં ગુજરાત રાજ્ય બહારના રાજ્યોમાંથી આવતી ફોર વ્હીલર વાહનોના સંચાલન સામે તાલુકા પંચાયત સભ્ય દીપક પટેલે કલેક્ટર, પોલીસ અને આરટીઓ વિભાગને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ હજીરા કાંઠા વિસ્તારમાં આવેલી મોટી ઔદ્યોગિક કંપનીઓમાં દેશના વિવિધ રાજ્યોમાંથી વેપાર, ઔદ્યોગિક કામગીરી અને કર્મચારીઓના પરિવહન માટે મોટી સંખ્યામાં વાહનો આવે છે. નિયમો મુજબ ગુજરાત રાજ્ય બહારથી આવતી યલો પ્લેટ ટેક્સી અને મેક્સી કેબ વાહનોને રાજ્યમાં સંચાલન માટે જરૂરી બોર્ડર ટેક્સ ભરવાનો હોય છે. જોકે, અનેક વાહનો દ્વારા આ ટેક્સ ભરવામાં આવતો નથી, જેના કારણે ગુજરાત સરકાર અને આરટીઓ વિભાગને દર મહિને લાખો નહીં પરંતુ કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન થતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. દીપકભાઈ પટેલે માંગ કરી છે કે હજીરા કાંઠા વિસ્તારની તમામ કંપનીઓમાં ચાલતા આવા વાહનોના પરમિટ, ટેક્સ, ફિટનેસ, વીમા સહિતના તમામ દસ્તાવેજોની આરટીઓ અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત તપાસ કરવામાં આવે અને નિયમોનો ભંગ કરનાર વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.15 દિવસમાં કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

### ટેક્સ ચોરીની ફરિયાદ બાદ RTO એક્શનમાં

સુરત- હજીરા કાંઠા વિસ્તારની મલ્ટિનેશનલ કંપનીઓમાં અન્ય રાજ્યોમાંથી આવતી ફોર-વ્હીલર ગાડીઓ દ્વારા ટેક્સ ન ભરીને સરકારને આર્થિક નુકસાન પહોંચાડવાની ફરિયાદ બાદ RTO વિભાગ એક્શનમાં આવ્યું છે. આરટીઓએ અલગ-અલગ ટીમો અને ફ્લાઈંગ સ્ક્વોડ બનાવી વાહનોના દસ્તાવેજો અને બોર્ડર ટેક્સની તપાસ શરૂ કરી છે. નિયમ ભંગ કરનારા વાહનો ડિટેઈન કરી કડક દંડ વસૂલાશે.

## પાંડેસરામાં અગાઉની અદાવતમાં બે બાઈક સળગાવી દેવાઈ

સુરતઃ પાંડેસરા કૈલાસ ચોકડી પાસે મારુતિનગર સોસાયટીમાં રહેતા અને જી.આઈ.ડી.સી.ની મિલમાં કલર ખાતામાં ઈનચાર્જ તરીકે નોકરી કરતા વંશગોપાલ પ્રહલાદ પાલે પાંડેસરા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, અગાઉ બાઈક સળગાવવાની ઘટનામાં કરેલી પોલીસ અરજીને પગલે ગત તા.૨૯મી જૂના રોજ સાંજે તેના ઘરે બે યુવક આવ્યા હતા. તેઓએ પોતાનું નામ સુનીલ મોર્યા અને નીતિનસિંગ હોવાનું જણાવી ધમકી આપી હતી કે, તમારી ગાડી અમારા મિત્ર દીપુ તિવારીએ જ સળગાવી છે. તમારા સસરાને કહી દેજો કે દીપુ સાથે સમાધાન કરી લે અને ફરિયાદ ના કરે, નહીંતર મજા નહીં આવે. જો દીપુ સામે કેસ કરશો તો સોસાયટીમાં રહેવું ભારી પડી જશે. પોલીસે આ મામલે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

# ૫૯ લાખના મેફડ્રોન ડ્રગ્સ કેસમાં ત્રણને ૨૦ વર્ષની સખત કેદ

**પેરોલ** જંપ કરનારા આરોપી સામે ટ્રાયલનો હુકમ, સાતને શંકાનો લાભ

સુરતઃ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટનાં જજ દેવેન્દ્ર સુરેશ જોષીએ રૂપિયા ૫૯ લાખનાં મેફડ્રોન ડ્રગ્સ કેસમાં મુખ્ય ત્રણ આરોપીખને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને બે લાખ રૂપિયાનો દંડનો હુકમ કર્યો હતો. આ કેસમાં પેરોલ જમ્પ કરનાર આરોપી ઈમરોજ ઈંદ્રીશ શેખ સામે ચાર્જશીટ દાખલ કરી અલગ ટ્રાયલ ચલાવવાનો કોર્ટે આદેશ કર્યો હતો. જ્યારે સાત આરોપીને શંકાનો લાભ મળ્યો હતો.

તા ૨૫-૧૦-૨૦૨૨ના રોજ કપલેથા ચેક પોસ્ટ પાસેથી આરોપી અઝહરૂદીન ઉર્ફે કેલા, રિઝવાન ઉર્ફે સ્માર્ટી, મોહમદ તોહિદ, ઈમરોજને એક લાલ કલરની સ્વીફ્ટ કારમાંથી એસઓજી પોલીસે મફેડ્રોન ડ્રગ્સ કુલ્લે ૫૯૦ ગ્રામ (કિંમત રૂ.૫૯ લાખ) સાથે પકડ્યા હતા. આ ડ્રગ્સ વોન્ટેડ મોઈન પઠાણ તથા આરોપી મઝહર પઠાણ, મુંબઈ પાસેથી લાવી સુરત શહેરમાં આરોપી સોહેલ કાદરી, અદનાન ઉર્ફે બાવ, મઝહરખાન ઉર્ફે ઈમરાન તથા અરીહંત જૈન, ભાવિન ઉર્ફે પપ્પુ વખારે, ચંદન તાયડે, તોસીફને આપવાના હતા. સચિન પોલીસ સ્ટેશને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ જીતેન્દ્ર પારડીવાલા હાજર રહ્યાં હતાં. ફરિયાદ પક્ષે ૪૪ સાહેદ સાક્ષી રજૂ કરાયાં હતા. તમામ પક્ષકારોની રજૂઆત, દસ્તાવેજી પુરાવાનાં અવલોકન બાદ એનડીપીએસ કોર્ટે આરોપી અઝહરૂદીન ઉર્ફે કેલા, રિઝવાન ઉર્ફે સ્માર્ટી અને મોહમ્મદ તોહિદને ૨૦ વર્ષની સજા ફટકારી હતી. જ્યારે પુરવણી ચાર્જશીટનાં આરોપી સોહેલ, અદનાન, મઝહરખાન, અરિહંત જૈન, ભાવિન વખારિયા, તૌફિક, ચંદન તાયડેને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો તેમજ પેરોલ જંપ કરનાર આરોપી ઈમરોજ શેખ વિરુદ્ધ અલગથી ચાર્જશીટ દાખલ કરી ટ્રાયલ ચલાવવાનો હુકમ કર્યો હતો.

# બાળકનું સર્વોપરી હિત જ દરેક નિર્ણયનો આધાર: કોર્ટ

**12** વર્ષીય પુત્રની કસ્ટડી માંગતા પિતાની અરજી ફગાવાઈ

**પિતાએ** બીજા લગ્ન કર્યા સહિતની પરિસ્થિતિ ધ્યાને લેવાઈ

સુરતઃ કોર્ટે 12 વર્ષીય બાળકની વચગાળાની કસ્ટડી અને મુલાકાતના હક્ક અંગે દાખલ કરાયેલી અરજી ફગાવી દેતા મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે બાળકનું સર્વોપરી હિત જ દરેક નિર્ણયનો આધાર છે અને માત્ર પિતાની માંગના આધારે કસ્ટડી અપાય નહીં

આ કેસની હકીકત મુજબ સપ્ટેમ્બર ૨૦૧૩મા લગ્ન કરનાર પતિ-પત્ની છેલ્લા 10 વર્ષથી અલગ રહે છે. બંનેને એક 12 વર્ષનો પુત્ર છે. અરજદાર પિતાએ બીજી વખત લગ્ન કર્યા છે અને તેમને બીજા લગ્નથી પણ સંતાન છે. કોર્ટે અગાઉ માતા અને બાળકના ભરણપોષણનો આદેશ કર્યો હોવા છતાં પિતા દ્વારા નિયમિત ભરણપોષણ ચૂકવવામાં આવતું ન હોવાથી માતાને કાનૂની કાર્યવાહી કરવી પડી હતી.

પિતાએ બાદમાં બાળકની કસ્ટડી અને મુલાકાતના હક્ક માટે અરજી કરી હતી. જોકે કોર્ટે નોંધ્યું હતું કે મુખ્ય કેસમાં પુરાવા નક્કી થયા બાદ અરજદાર પિતાએ પુરાવા રજૂ કરવા આગળ વધવાને બદલે કસ્ટડીની અરજી કરી હતી. આ કેસમાં માતા તરફથી એડવોકેટ હિરલ કે. પાનવાલાએ દલીલો રજૂ કરી હતી.

# સુરતથી એર ઈન્ડિયાની દિલ્હી-સુરત ફ્લાઈટ ફરી શરૂ કરો: ગ્રોથ હબ

**દિલ્હી**-મુંબઈ હબ મારફતે નિર્વિઘ્ન આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી, સુરતના મુસાફરોને સમાન ભાડું અને વૈશ્વિક નેટવર્ક સાથે જોડવાની રજૂઆત

સુરતઃ સાઉથ ગુજરાત ગ્રોથ હબે એર ઈન્ડિયાના મુખ્ય કાર્યકારી અધિકારી તથા મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાની દિલ્હી-સુરત-દિલ્હી પૂર્ણ સેવા (ફુલ સર્વિસ) ફ્લાઈટ તાત્કાલિક પુનઃ શરૂ કરવાની તેમજ દિલ્હી અને મુંબઈ હબ મારફતે નિર્વિઘ્ન આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. રજૂઆતની નકલ એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષને પણ મોકલવામાં આવી છે.

### એર ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર સમક્ષ આ મુખ્ય માંગણીઓ કરાઈ

1. સુરત-દિલ્હી-સુરત રૂટ પર એર ઇન્ડિયાની દિવસમાં બે વખત (સવારે અને સાંજે) પૂર્ણ-સેવા ફ્લાઇટ તાત્કાલિક શરૂ કરવામાં આવે.
2. હાલ એર ઇન્ડિયા એક્સપ્રેસ જે સમયપત્રક પર સેવા આપે છે તે સમય પર એર ઇન્ડિયાની મુખ્ય ફ્લાઇટ શરૂ કરવામાં આવે અને એર ઇન્ડિયા એક્સપ્રેસને ત્રીજી અથવા ચોથી આવર્તન તરીકે શારજાહ, અબુધાબી, દુબઈ, બેંગકોક તથા અન્ય આંતરરાષ્ટ્રીય રૂટ્સ માટે ઉપયોગમાં લેવામાં આવે.
3. બેંગ્લુરુ જેવી સેવાઓ એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા ચાલુ રાખીને દિલ્હી હબ માટે એર ઇન્ડિયાની મુખ્ય સેવા ઉપલબ્ધ કરવામાં આવે.
4. વારાણસીમાં શરૂ કરવામાં આવેલી જેવી મૂળ એરપોર્ટ પર ઇમિગ્રેશન અને કસ્ટમ્સ ક્લિયરન્સ સાથેની Seamless International Connectivity સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પણ વહેલી તકે શરૂ કરવામાં આવે.
5. સુરતથી આંતરરાષ્ટ્રીય બુકિંગનાં ભાડાંમાં રહેલી અસમાનતા દૂર કરીને વડોદરા અને રાજકોટ સમાન ભાડાની નીતિ અમલમાં મૂકવામાં આવે.

# દર્દીને લઈ જતી ૧૦૮ને ઉધનામાં અકસ્માત

**ઝડપના** નશામાં એમ્બ્યુલન્સ સ્ટ્રીટ લાઈટના પોલ સાથે અથડાઈ

**અંદર** સારવાર લઈ રહેલો દર્દી સ્ટ્રેચર પરથી નીચે પટકાયો, કરોડરજ્જુ અને માથામાં ગંભીર ઈજા

સુરતઃ શહેરમાં ઈમરજન્સી સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સના ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. ભેસ્તાન ખાતે રહેતા અને સખત તાવથી પીડાતા અજય મિશ્રાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જઈ રહેલી એમ્બ્યુલન્સના ચાલક હરેશભાઈએ વાહન પૂરઝડપે હંકારી ઉધના-નવસારી હાઈવે પર ખરવરનગર બીઆરટીએસ રૂટમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે ધડાકાભેર અથડાવી દીધી હતી.

ગત ૨૬ જૂનની રાત્રે બનેલી આ ઘટનામાં અકસ્માત એટલો ભયાનક હતો કે એમ્બ્યુલન્સની અંદર ઓક્સિજન સપોર્ટ પર રહેલા દર્દી સ્ટ્રેચર પરથી નીચે પટકાયા હતા. આ અકસ્માતને કારણે અજયભાઈને જમણા ખભા, છાતી, ડોક, કરોડરજ્જુ તેમજ માથાના ભાગે ગંભીર આંતરિક મૂઢ ઈજાઓ થઈ હતી. સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ ગંભીર હાલત જણાતા તેમને અડાજણની BAPS પ્રમુખસ્વામી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ મામલે દર્દીના નાના ભાઈ મહેન્દ્ર મિશ્રા (રહે.,રિધ્ધિ-સિધ્ધિ રેસિડેન્સી, ઉધના)એ ૩૦ જૂનના રોજ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે એમ્બ્યુલન્સ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ કે.એ.પટેલનેસોંપીછે.